# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 30-10-2025** **Midday : 2.30 to 2.35 pm**

**Day : Thursday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સંસ્કૃતિ ભુંડિયા** વાંચે છે.

---

(સમાચારને અંતે)

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

---------------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# PM GUJARAT VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજથી બે દિવસ ગુજરાતના પ્રવાસે આવશે. શ્રી મોદી સાંજે  એકતાનગરમાં એક હજાર 140 કરોડ રૂપિયાથી વધુના વિકાસ કાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે. તેમજ 25 ઇલેક્ટ્રિક બસને લીલીઝંડી આપી પ્રસ્થાન કરાવશે. આજે સાંજે શરૂ થઈ રહેલા વિવિધ વિકાસકાર્યો થકી એકતાનગર પરિસરમાં ઇકો-ટૂરિઝમ, હરિત પરિવહન, આધુનિક માળખાકીય સુવિધા અને આદિવાસી વિકાસને પ્રોત્સાહન મળશે. વધુ માહિતી અમારાં સંવાદદાતા પાસેથી.

(V/C- APARNA KHUNT)

*(...આજે ઉદ્ઘાટન થનારા પ્રોજેક્ટ્સમાં રાજપીપળામાં બિરસા મુંડા આદિવાસી યુનિવર્સિટીનો શુભારંભ ; ગરુડેશ્વરમાં હોસ્પિટાલિટી ડિસ્ટ્રિક્ટના પ્રથમ તબક્કાનું લોકાર્પણ , વામન વૃક્ષ વાટિકા; સાતપુડા પ્રોટેક્શન વોલ; ઇ-બસ ચાર્જિંગ ડેપો, નર્મદા ઘાટ વિસ્તાર ; કૌશલ્યા પથના લોકાર્પણ સહિતના પ્રોજેક્ક્સ સામેલ છે. આ ઉપરાંત, પ્રધાનમંત્રી 367 કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર થનાર ભારતના રજવાડાઓના સંગ્રહાલય; સહિત વીર બાલક ઉદ્યાન; રમતગમત સંકુલ; વર્ષા વન પ્રોજેક્ટ; શૂલપાણેશ્વર ઘાટ નજીક જેટી વિકાસ; સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે ટ્રાવલેટર્સ સહિત વિભિન્ન પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ પણ કરશે. આ કાર્યક્રમ દરમિયાન, પ્રધાનમંત્રી સરદાર પટેલની 150મી જન્મજયંતિ નિમિત્તે એક ખાસ સ્મારક સિક્કાનું અને ટપાલ ટિકિટનું પણ અનાવરણ કરશે. આવતીકાલે શ્રી મોદી એકતા દિવસની ઉજવણી અંતર્ગત એકતા દિવસની પ્રતિજ્ઞા લેવડાવશે અને એકતા દિવસ પરેડનું નિરીક્ષણ કરશે.આ વખતે યોજનારી એકતા દિવસ પરેડમાં બી એસ એફ, સી આઈ સે એફ આઈ ટી બી પી સહિતના સુરક્ષા દળો ઉપરાંત નવ રાજ્યો પણ ભાગ લેશે રાજયોની સિદ્ધિઓ દર્શાવતા 10 ટેબલોઝ રજૂ કરાશે*

*અપર્ણા ખુંટ//આકાશવાણી સમાચાર //અમદાવાદ*

. . . . . . . . . . . . .

# EKTA SHAPATH  -  DISTRICT

રાષ્ટ્રીય એકતા દિવસ ઉજવણી નિમિત્તે ગાંધીનગરમાં માહિતી નિયામક કે.એલ.બચાણી, સહિત અધિકારીઓએ આજે શપથ ગ્રહણ કર્યા. નવસારી જિલ્લામાં પણ રાષ્ટ્રની એકતા અને અખંડિતતાને જાળવી રાખવાના સંકલ્પને સાકાર કરવા તથા રાષ્ટ્ર પ્રત્યેની ફરજોના સ્મરણ સાથે જિલ્લા સેવા સદન ખાતે કલેકટર ક્ષિપ્રા આગ્રેની ઉપસ્થિતિમાં શપથ લેવામાં આવ્યા. આ ઉપરાંત ભરૂચ, જામનગર, તાપી સહિતના જિલ્લામાં પણ શપથ ગ્રહણ કરવામાં આવ્યા હતા.

. . . . . . . . . . . . .

# RAIN – OVERALL

રાજ્યમાં કારતકમાં અષાઢી માહોલ જામ્યો છે. આજે 69 તાલુકામાં કમોસમી વરસાદના અહેવાલ છે. ભાવનગરના મહુવામાં અઢી ઇંચ કરતાં વધુ વરસાદ નોંધાયો. આ ઉપરાંત સિહોર, પાલિતાણા, તળાજામાં પણ એક ઇંચથી વધુ વરસાદ નોંધાયો છે.

પંચમહાલ જિલ્લાના ગોધરા પંથકમાં ધોધમાર વરસાદને કારણે શહેરના નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા છે. મહેસાણા જિલ્લામાં સવારથી જ હળવા વરસાદી ઝાપટા વરસતા વાતાવરણ માં ઠંડક પ્રસરી છે.

તો તાપી જિલ્લાના વ્યારા, વાલોડ, ડોલવણ પંથકમાં છૂટા છવાયા વરસાદી ઝાપટા થયા છે. છોટા ઉદેપુરના વિવિધ વિસ્તારોમાં અને સુરેન્દ્રનગરમાં સવારે ફરી વરસાદ શરૂ થતાં ખેડૂતો ચિંતામાં મુકાયા છે.

. . . . . . . . . . . . .

# CRICKET

ICC મહિલા એક દિવસીય વિશ્વ કપમાં, આજે બીજી સેમિફાઇનલમાં ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે મેચ રમાશે. નવી મુંબઈમાં રમાનાર આ મેચ હમણાં 3 વાગ્યે શરૂ થશે. આકાશવાણી બપોરે 2:30 વાગ્યાથી રમતના અંત સુધી અંગ્રેજી અને હિન્દી બંને ભાષામાં મેચની જીવંત કોમેન્ટ્રી પ્રસારિત કરશે. આજની મેચની વિજેતા ટીમ રવિવારે ફાઇનલ મુકાબલામાં દક્ષિણ આફ્રિકાનો સામનો કરશે.

. . . . . . . . . . . . .

# KUTCH SHIP

કચ્છ જિલ્લાના માંડવીના એક જહાજમાં સોમાલિયા નજીક બનેલી આગની ઘટનામાં તમામ ખલાસીઓનો બચાવ થયો. જહાજમાં સવાર તમામ 16 ખલાસીઓએ પોતાનો જીવ બચાવવા માટે દરિયામાં કૂદી પડ્યા હતા. ત્યારે સ્થાનિક તટ રક્ષક અને અન્ય એક જહાજની મદદથી તમામ ખલાસીઓને સુરક્ષિત રીતે બચાવી લેવાયા હતા.માંડવીની હાજી એન્ડ સન્સ પેઢીનું 'ફઝલે રબ્બી જહાજ સોમાલિયાના કિસ્માયુ બંદરેથી દુબઈ જવા રવાના થયું હતું. બંદરથી આઠ નોટિકલ માઈલ દૂર પહોંચતા જ જહાજના એન્જિનમાં ટર્બો ફાટવાને કારણે અચાનક આગની ઘટના બની હતી.

. . . . . . . . . . . . . .

# PANCHMAHAL – FIRE

પંચમહાલ જિલ્લામાં પાવાગઢ રોડ પર સિટીઝન બેંક પાસે એક કારમાં શોર્ટ સર્કિટ થવાથી આગની ઘટના બની. જોકે, ફાયર બ્રિગેડની સમયસૂચકતાને કારણે કોઈ જાનહાનિ થઈ નથી. સ્થાનિક લોકોએ વહેલી સવારે લાગેલી આ આગની ઘટનાની જાણ હાલોલ ફાયર વિભાગને કરતાં ફાયર બ્રિગેડની ટીમે આગ પર કાબૂ મેળવ્યો હતો.

. . . . . . . . . . . . . .